Price : ₹ 5/-

# CIMS NEWS
# CARE & CURE

Volume-13 | Issue-141 | April 25, 2022



CIMS®
MARENGO ASIA NETWORK HOSPITAL

www.cims.org

CIMS®
MARENGO ASIA NETWORK HOSPITAL

CIMS NEWS CARE & CURE

Volume-13 | Issue-141 | April 25, 2022

# એટ્રિયલ ફિબ્રિલેશન (AF)



## પરિચય

એટ્રિયલ ફિબ્રિલેશન (AF) એ સૌથી વધારે પ્રમાણ માં જોવા મળતી હાર્ટ રિધમ અસાધારણતા (અનિયમિત રિધમ) છે.

ઓલ્મસ્ટેડ કાઉન્ટી, મિનેસોટા માં સમુદાય-આધારિત સમૂહ અભ્યાસે અહેવાલ આપ્યો છે કે 1980 અને 2000 ની વચ્ચે પ્રતિ 1000 વ્યક્તિ-વર્ષે છઠ્ઠ ની ઘટનાઓ પુરુષોમાં 4.4 થી 5.4 અને સ્ત્રીઓ માં 2.4 થી 2.8 સુધી નોંધપાત્ર રીતે વધી હતી. યુનાઇટેડ સ્ટેટ્સ માં AF સાથેના દર્દીઓ ની સંખ્યા 1980 માં 3.2 મિલિયન અને 2000માં 5.1 મિલિયન હોવાનો અંદાજ હતો અને 2050માં 12.1 થી 15.9 મિલિયન થવાનો અંદાજ હતો, જે તમામ અગાઉ ના અંદાજ કરતાં વધુ છે.

AF હૃદયના ઉપલા ચેમ્બર (એટ્રિયા) માં શોર્ટ-સર્કિટ ને કારણે અસ્તવ્યસ્ત વિદ્યુત સંકેતો ને કારણે થાય છે.

AF માં, હૃદયના ઉપલા ચેમ્બર એટ્રિયા એક મિનિટમાં 250-350 વખત ધબકે છે.

ભલે ઉપલા ચેમ્બર આટલી ઝડપથી ધબકતા હોય, સામાન્ય વિદ્યુત જંકશન બોક્સ, હૃદયના ઉપલા અને નીચલા ચેમ્બર વચ્ચે સ્થિત છ્ફ નોડ, માત્ર મર્યાદિત વિદ્યુત આવેગ ને વેન્ટ્રિકલ સુધી પહોંચવા દે છે. તેથી દર્દી ના કાંડા પર પલ્સ રેટ માત્ર 100-150 પ્રતિ મિનિટ હોય છે. જ્યારે AF થાય છે, ત્યારે હૃદયના ઉપલા ચેમ્બર સામાન્ય રીતે સંકુચિત થવાને બદલે ફિબ્રિલેશન થવા લાગે છે. AF દરમિયાન એટ્રિયા માં લોહી ના એકત્રીકરણ ને કારણે, લોહી ના ગંઠાઇ જવાની શક્યતા વધી જાય છે. જો એટ્રિયા માં લોહી ગંઠાઇ જાય, તો તે મગજનો સ્ટ્રોક નું કારણ બની શકે છે. AF ધરાવતા લોકો મા બ્રેઈન સ્ટ્રોક થવાની શક્યતા પાંચ ગણી વધી જાય છે.

AF હૃદયની નિષ્ફળતા (Heart Failure) માં પરિણમી શકે છે જેના કારણે દર્દીઓ ને થાક, ચક્કર અને શ્વાસ લેવામાં તકલીફ થાય છે.

AF એક પ્રગતિશીલ સ્થિતિ છે, એટલે કે જો તેની સારવાર ન કરવામાં આવે તો તે વધુ ખરાબ થઈ શકે છે. જ્યારે આવું થાય છે, ત્યારે એપિસોડ વધુ વારંવાર બને છે અને લાંબા સમય સુધી ચાલે છે.

જો તમને AF ના લક્ષણો હોય તો ડોક્ટર ને મળવું મહત્વપૂર્ણ છે, કારણ કે એકવાર એપિસોડ વધુ સતત બની જાય પછી તેની સારવાર કરવી મુશ્કેલ બની જાય છે.

## AF માટે જોખમી પરિબળો

- ઉંમર, હાયપરટેન્શન, ડાયાબિટીસ
- કોરોનરી ધમની બિમારી (રક્ત પુરવઠામાં અવરોધ, હાર્ટ એટેક)
- હાર્ટ વાલ્વ ની અસામાન્યતા
- હૃદયની નિષ્ફળતા (Heart Failure)
- સ્લીપ એપનિયા સિન્ડ્રોમ (OSAS)
- થાઇરોઇડ રોગ, ફેફસા ના રોગ, આલ્કોહોલ નું સેવન

## AF ના શારીરિક લક્ષણો

- થાક લાગવો, હાંફ ચઢવી
- ઝડપી અને અનિયમિત ધબકારા (પાલ્પીટેશન)
- રોજબરોજ ની કસરત કે પ્રવૃત્તિઓ માં મુશ્કેલી
- ચક્કર આવવું અથવા બેહોશ થવી

## AF નું નિદાન

- ECG, ECHO, હોલ્ટર મોનીટરીંગ, લૂપ રેકોર્ડર
- સ્લીપ સ્ટડી (પોલીસોમ્નોગ્રાફી)

## AF ની સારવાર

(૧) મેડિકલ મેનેજમેન્ટ (વિવિધ પ્રકાર ની દવાઓ)

- મગજ ના સ્ટ્રોક નું નિવારણ (રક્ત પાતળું કરનાર દવાઓ દ્વારા એન્ટિ-કોગ્યુલેશન)
- AF સાથેના દર્દીઓ માં ઉપચાર નો મુખ્ય ધ્યેય મગજ ના સ્ટ્રોક ને રોકવાનો છે. વોરફરીન (Warfarin) અને અન્ય મોં
- વાટે લેવાતી એન્ટીકોએગ્યુલન્ટ્સ (NOAC) મગજ ના સ્ટ્રોક ના નિવારણ માટે એસ્પિરિન (Aspirin) કરતાં વધુ અસરકારક છે.
- હૃદય ના ધબકારા-લય નું નિયંત્રણ
- જોખમી પરિબળો ની સારવાર
- સ્લીપ એપનિયા સિન્ડ્રોમ (OSAS) માટે CPAP ઉપચાર

(૨) DC કાર્ડિયોવર્ઝન

(૩) 3D મેપિંગ EP સ્ટડી અને RF એબ્લેશન થેરાપી

## સૌજન્ય

**ડો. હિરેન ટી. કેવડિયા**

MD મેડિસિન, DM કાર્ડીઓલોજી (શ્રી ચિત્રા)
ફેલો ઈન કાર્ડિયાક ઇલેક્ટ્રોફિજીઓલોજી એન્ડ પેસમેકર
કાર્ડીઓલોજિસ્ટ & કાર્ડિયાક ઇલેક્ટ્રોફિજીઓલોજિસ્ટ

**હૃદય ના ધબકારા ના નિષ્ણાંત**

Mo. +91 95863 75818
hiren.kevadiya@cimshospital.org

CIMS NEWS CARE & CURE
Volume-13 | Issue-141 | April 25, 2022



# હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જરીમાં ગુજરાત કેવી રીતે શ્રેષ્ઠ કેન્દ્ર બન્યું?



ગુજરાતમાં 57 હૃદય ડોનેશનમાંથી, 25 હૃદયના દર્દીઓનું રાજ્યમાં જ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું.

વડોદરાના એક પરિવારના મૃત સભ્યના અંગોનું દાન કરવાના નિર્ણયને પગલે અમદાવાદમાં 31 ડિસેમ્બરના રોજ વહેલી સવારે ગુજરાતનું 25મું હૃદય ટ્રાન્સપ્લાન્ટ થયું હતું.

વડોદરાના કેમિકલ એન્જિનિયર સૂરજ વાછાણી, ઉંમર વર્ષ 32,ને રોડ અકસ્માતમાં માથામાં ગંભીર ઇજાઓ થતાં ગ્લોબલ હોસ્પિટલ વડોદરામાં બ્રેઇન ડેડ જાહેર કરવામાં આવ્યો હતો.

ગ્રીન કોરિડોરની મદદથી વડોદરા થી અમદાવાદ રોડ માર્ગે હૃદય અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં 59 વર્ષીય વ્યક્તિ માં ટ્રાન્સપ્લાન્ટ દ્વારા ફરી ધબકતું કરાયું.

'મૃતની કિડની અને આંખો પણ તેમની પત્ની, જેઓ પોતે સિવિલ એન્જિનિયર અને પ્રોફેસર છે, દ્વારા દાન કરવામાં આવી હતી', એમ ભારતીય રેલ્વેના આંખના ડોક્ટર ડો. દીપાલી તિવારીએ જણાવ્યું હતું. વડોદરામાં ડો. તિવારી સ્વયં અંગદાન માટે સ્વજનોનું કાઉન્સેલિંગ કરે છે.

સિમ્સ હોસ્પિટલે છેલ્લા પાંચ વર્ષમાં ૨૫ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જરીઓ પૂરી કરી છે, જેમાંથી છેલ્લા 14 હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ એક વર્ષમાં અને છેલ્લા 8 માત્ર બે મહિનામાં થઈ છે. ડિસેમ્બરના છેલ્લા 3 અઠવાડિયામાં ચાર હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા" ડો. ધીરેન શાહ, હોસ્પિટલ ડાયરેક્ટર , જેમણે ડો. મિલન ચગ અને ડો. ધવલ નાઈક સાથે મળીને ટ્રાન્સપ્લાન્ટ કર્યા હતા.

ગુજરાતમાં આ 57મું હૃદય દાન (હાર્ટ ડોનેશન) હતું જેમાંથી 25 રાજ્યની અંદર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે જ્યારે 32 નેશનલ ઓર્ગન એન્ડ ટિશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (NOTTO) દ્વારા ગુજરાત બહારના દર્દીઓ માટે મોકલવામાં આવ્યા હતા.

પ્રથમ અને મુખ્ય ઉદ્દેશ્ય બ્રેઈન ડેડથી મૃત્યુ પામેલા દર્દીઓના અંગોની યોગ્ય ફાળવણી છે અને સ્ટેટ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટેશન ઓર્ગેનાઇઝેશન (SOTTO) નો આભાર વ્યક્ત કરીએ છીએ. SOTTO એ એક વેબ એપ્લિકેશન છે જે સરકાર દ્વારા વિકસાવવામાં આવી છે. કેડેવર ઓર્ગન હાર્વેસ્ટિંગ ટ્રાન્સપ્લાન્ટેશનને સમર્થન આપવા માટે, જે રાજ્યભરમાં આવેલી વિવિધ રજિસ્ટર્ડ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કરવામાં આવશે. છેલ્લા રેકોર્ડ સુધી, SOTTO માં 1244 પ્રાપ્તકર્તાઓની રિકવેસ્ટ નોંધાયેલા છે, જેઓ વિવિધ ટ્રાન્સપ્લાન્ટ સર્જરીની રાહ જોઈ રહ્યા છે. ઉપરાંત, અત્યાર સુધીમાં 374 અંગો ફાળવવામાં આવ્યા છે જેમાં 103 લિવર, 184 કિડની, 33 હૃદય, 44 ફેફસાં અને 10 સ્વાદુપિંડ (પેક્રિયાસ) નો સમાવેશ થાય છે. ટૂંકમાં કહીએ તો , SOTTO એ ગુજરાત રાજ્યમાં અંગ દાન અને ફાળવણી પ્રણાલીને સરળ બનાવી છે.

દરેક વ્યક્તિ જાણે છે કે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી આર્થિક રીતે મોંઘી પડે છે અને દર્દીને લગભગ 20 થી 25 લાખનો ખર્ચ થાય છે. ગુજરાત સરકારે જરૂરિયાતમંદ દર્દીઓને મદદ કરવાની તક ગુમાવી ન હતી. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ મેળવનારાઓ માટે અન્ય રાજ્યોની વળતર નીતિઓની સમીક્ષા કરવા એક અર્થપૂર્ણ મીટિંગ કર્યા પછી, તે રજીસ્ટર થયા હોય તેવા દરેક દર્દીને INR 7.5 લાખ આપવા માટે સંમત થયા હતા. તે ખૂબ જ સાહસિક અને ઐતહાસિક પગલું હતું અને સમાજ હંમેશા તેમનો આભારી રહેશે, અન્ય મહત્વનો મુદ્દો અંગોના પરિવહન માટે એર એમ્બ્યુલન્સની જરૂરિયાત હતી અને સરકાર આ મુદ્દાને હકારાત્મક રીતે લઇ રહી છે.

ફરીથી કહીશું કે, જ્યારે રસ્તાઓ પર, હૃદયને લાવવા માટે શહેરમાં ભારે ટ્રાફિકની પરિસ્થિતિમાં પણ વધુ ઝડપથી હાર્ટ પહોંચાડવું પડે છે. ગુજરાત પોલીસ 'ગ્રીન કોરિડોર' નું મહત્વ લાંબા સમય પહેલા સમજી ગઈ હતી. 'ગ્રીન કોરિડોર' એ એક વિશિષ્ટ રૂટ છે જેનું સંચાલન એવી રીતે કરવામાં આવે છે કે જ્યાંથી

અંગ લાવવામાં આવે છે અને જ્યાં તેનું પ્રત્યારોપણ કરવામાં આવે છે તે હોસ્પિટલના રૂટ પર આવતા તમામ ટ્રાફિક સિગ્નલો ગ્રીન અને મેન્યુઅલી નિયંત્રિત કરવામાં આવે છે. આજકાલ એક જ ફોન કોલ કરવામાં આવે છે અને પોલીસ રૂટ તરત બનાવે છે , આથી અમો ગુજરાત પોલીસનો આભાર માનીએ છીએ.

કોઈપણ ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ બનાવવા અને તેને ટકાવી રાખવા માટેનો સૌથી નિર્ણાયક ભાગ મૃત વ્યક્તિના પરિવારના સભ્યો દ્વારા અંગ દાનની ઈચ્છામાં રહેલો છે. ચાલો આ વાત ને થોડી સરળ બનાવીએ. દર્દીને બે રીતે મૃત જાહેર કરી શકાય છે; એક તો હૃદય કામ કરવાનું બંધ કરી દે અને બીજું મગજ. બીજા દૃશ્યમાં, દર્દીના અંગો પરિવારની સંમતિથી દાન કરી શકાય છે. બ્રેઈન ડેડ વ્યક્તિ વિવિધ અંગોનું દાન કરી શકે છે દા.ત. હૃદય, ફેફસાં, હાથ, લીવર , કિડની, આંખો, સ્વાદુપિંડ (પેક્રીયાસ), આંતરડા, ચામડી અને હાડકાં. રાજ્યમાં અંગદાન પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા માટે સંખ્યાબંધ દ્રઈ કાર્યરત છે. અંગદાનના કાર્યક્રમોને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયાસોને કારણે ગુજરાત આ ક્ષેત્રમાં ટોચનું રાજ્ય બન્યું છે.

અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં અત્યંત પ્રતિભાશાળી ડોકટરોની ટીમ છે. મોટા ભાગના ડોકટરો વિશ્વની પ્રખ્યાત હોસ્પિટલોમાં ટ્રેઈનીંગ લીધી છે અને હૃદયની નિષ્ફળતા (હાર્ટ ફેલ્યોર ના દર્દીઓની સારવાર માટે સારી એવી કુશળતા ધરાવે છે. સૌથી વખાણવા જેવી વાત એ છે કે હોસ્પિટલમાં એક અદ્યતન હાર્ટ ફેલ્યોર ક્લિનિક છે, જ્યાં તેઓ નબળા હૃદયવાળા તમામ દર્દીઓની નોંધણી કરે છે અને તેમને સારવાર અને સ્વાસ્થ્ય જાગૃતિ વિષે સમજાવે છે. અત્યાર સુધીમાં, સિમ્સ હોસ્પિટલે આંતરરાષ્ટ્રીય ધોરણો દ્વારા સારા પરિણામો મેળવી 28 હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કર્યા છે અને આ સિદ્ધિએ અમદાવાદ અને તેથી ગુજરાતને ભારતમાં ટોચના ક્રમાંક પર મૂક્યું છે. અમે ઈચ્છીએ છીએ કે વધુને વધુ હોસ્પિટલોએ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવું જોઈએ અને જરૂરિયાતમંદ દર્દીઓને સૌથી વધુ મદદ કરવી જોઈએ.

**સૌજન્ય**

**ડૉ. ધવલ નાયક**
MS (Gold Medalist), DNB (CTS)
**કાર્ડિયાક અને હાર્ટ-લંગ ટ્રાન્સપ્લાન્ટ સર્જન**
મો. +91-90991 11133
ઈમેલ: dhaval.naik@cims.org

# સન્માન સમારોહ

## 25 થી વધારે હૃદય પ્રત્યારોપણ

સિમ્સ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યા છે.
રાજ્યના હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામની સફરમાં અમૂલ્ય ભૂમિકા ભજવવા બદલ
**હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ દાતાઓ, પ્રાપ્તકર્તા અને સહાયક સંસ્થાઓને**
**માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય)ના**
હસ્તે JIC 2022 કોન્ફરન્સમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.












# શું તમારી આંગળીઓ અને હાથ સુન્ન થઈ જાય છે ?





ઘણી વખત જ્યારે આપણે સવારે ઉઠીએ ત્યારે આપણી આંગળીઓ અને હથેળીમાં સુન્ન થઈ જવું કે કળતર /અકડન અનુભવાય છે. સામાન્ય રીતે આ તકલીફ આરામ કરવાથી અને રોજીંદા કામકાજ કરવાથી જતી રહે છે. આપણા શરીર દ્વારા આપવામાં આવતા આ સંકેતોને અવગણવા જોઈએ નહી અને યોગ્ય નિદાન માટે ઓર્થોપેડીક ડોકટરની સલાહ લેવી જોઈએ.

શરીરની અમુક નસો જે ગરદનથી નીકળી તમારી આંગળીઓ સુધી જાય છે જે એના પુરા રસ્તામાં કોઈપણ જગ્યાએ દબાઈ શકે છે. આ નસ ગરદનથી દબાય તો ગરદનની ગાદીનો પ્રોબ્લેમ અથવા ગરદન ના મણકાનો ઘસારાની દવા કરવી જોઈએ.

જો આ નસનું દબાણ હથેળી આગળ થાય તો અંગુઠો, પહેલી આંગળી અને મધ્ય આંગળી માં વહેલી સવારે ઝણઝણાટી થાય છે. જેને વિજ્ઞાનની ભાષામાં કાર્પેલ ટનલ સિન્ડ્રોમ કહેવાય છે.

આ નસ દબાવાના નજીક ના કારણમાં કાંડાના હાડકાનું ફેકચર અથવા કાંડાની અંદરથી પાણીની ગાંઠ થવી ( ગેન્ગ્રીઓન ) હોઈ શકે છે. ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હૃદય કે કિડની સબંધી રોગો, સંધિવા અથવા થાઈરોઈડના રોગોમાં પણ આવું દબાણ વધી શકે છે , જેમાં કાંડાના આજુ બાજુંના સ્નાયુંમાં પ્રવાહી ભરવાના લીધે દબાણ થાય છે, અને જ્ઞાનતંતુ ની નસ પર દબાણ થાય છે. આની તપાસ માટે દર્દીનું યોગ્ય ચેક અપ, એકસ રે, અલ્ટ્રાસોનોગ્રાફી અને જરૂર પડે તો એમઆરઆઈ થી કરી શકે છે.

તમારા રોજીંદા જીવન માં ઉભા રહેવાની સ્થિતી અથવા વધું પડતા મોબાઈલનો ઉપયોગ જેમાં ગરદન વધારે સુધી નીચે ઝૂકેલી રહે છે, એનું પણ એક કારણ હોઈ શકે છે જે યોગ્ય કસરતથી સરખું કરી શકાય છે, અને દરરોજ મોબાઈલ વાપરવાનો સમય ઘટાડીને સુધારી શકાય છે.

**સૌજન્ય**

**ડૉ. કૃણાલ પટેલ**
MBBS, MS (Orthopaedics)
**કન્સલટેશન ઓર્થોપેડીક અને ટ્રોમા સર્જન**
Mo. +91 97235 53665
krunalh.patel@cimshospital.org

22nd TAVI January 2022
Transcatheter Aortic Valve Implantation



Balloon Expandable Valve



Self Expanding Supra-Annular Valve

A procedure to replace the diseased valve without surgery
HIGHEST NUMBER IN GUJARAT
100% SUCCESSFUL HOSPITAL OUTCOMES
ONE OF THE BEST HEART TEAM OF INDIA

ગુજરાતનું પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ (હૃદય પ્રત્યારોપણ) સેન્ટર



29TH HEART TRANSPLANT APRIL 26, 2022

# સિમ્સ સુપર સ્પેશ્યાલીટી ઓપીડી (ગુજરાત)

## રાજકોટ

**દર મહિનાના બીજા શનિવારે**

**ડૉ. ધીરેન શાહ**
કાર્ડિયોથોરાસીસ વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન

**શ્રી ગિરીરાજ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન:** 0281 - 7151200

## પાલનપુર

**દર મહિનાના ત્રીજા બુધવારે**

**ડૉ. કિશોર ગુપ્તા**
કાર્ડિયોથોરાસીસ અને વાસ્ક્યુલર સર્જન

**ડૉ. કેવલ ચાંગડીયા**
ન્યૂરોલોજીસ્ટ (મગજના રોગોના નિષ્ણાંત)

**ડૉ. મોના એન. શાહ**
ગાયનેક ઓન્કોસર્જન, લેપ્રોસ્કોપીક કેન્સર સર્જન, CRS, HIPEC

**મેડીપોલીસ ક્લિનિક મેડીપોલીસ "જી" બ્લોક**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન:** +91 70690 33596

## ભૂજ અને ગાંધીધામ

**દર મહિનાના ચોથા શનિવારે**

**ડૉ. અમિત ચંદન**
કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસીસ સર્જન

**ડૉ. મહાવીર તડૈયા**
જી.આઇ. અને ગાયનેક ઓન્કો સર્જન
HIPEC & PIPEC

**એમ.એમ.પી.જે લેવા પટેલ હોસ્પિટલ**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન:** 02832-231122/33

**ગુરૂકુલ હોસ્પિટલ - ગાંધીધામ**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન:** +91 73839 40900

## સુરત

**દર મહિનાના પહેલા શનિવારે**

**ડૉ. ધવલ નાયક**
કાર્ડિયોથોરાસીસ વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન
+91 90 99 11 11 33

**સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ**

## સુરેન્દ્રનગર

**દર મહિનાના પહેલા રવિવારે**

**ડૉ. વાય સી શાહ**
ન્યૂરો અને સ્પાઈન સર્જન
(મગજ અને કરોડરજ્જુના નિષ્ણાંત)

**મહર્ષિ હોસ્પિટલ**
**સીયુ શાહ મેડીકલ કોલેજ**
**સી જે હોસ્પિટલ**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન:** 96389 82751

## ભૂજ

**દર મહિનાના પહેલા શનિવારે**

**ડૉ. કશ્યપ શેઠ**
બાળ હૃદયરોગના નિષ્ણાંત

**એમ.એમ.પી.જે લેવા પટેલ હોસ્પિટલ - ભૂજ**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન:** 02832-231122/33



# 26th KIDNEY TRANSPLANT

APRIL 23, 2022

Volume-13 | Issue-141 | April 25, 2022

CIMS®
MARENGO ASIA NETWORK HOSPITAL



CIMS®
MARENGO ASIA NETWORK HOSPITAL

# હવે ચાલો દર્દ વિના

## ₹ 99,000/-*

એપ્રિલ 10 થી મે 10, 2022

**ટોટલ જોઈન્ટ રીપ્લેસમેન્ટ**

*ઈમ્પ્લાન્ટ નો ચાર્જ અલગ થી રહેશે
*માત્ર કેશ પેમેન્ટ માન્ય
*નિયમો અને શરતો લાગુ

# સિમ્સ ઓર્થોપેડીક

**ટોટલ ની રીપ્લેસમેન્ટ અને જોઈન્ટ રીવીઝન માટે સેન્ટર ઓફ એક્સેલન્સ**

- ઝડપી અને દર્દ રહિત રીકવરી
- જમીન પર બેસી શકાય તથા સીડીઓ ચઢી શકાય
- લાંબો સમય ટકી શકે તેવુ ટોટલ ની રીપ્લેસમેન્ટ
- વર્લ્ડ-કલાસ, સ્વચ્છ અને સંક્રમણ રહિત ઓપરેશન થીયેટર

## વૈશ્વિક પ્રશિક્ષિત અને નિષ્ણાંત જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જનો

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ અને આર્થ્રોસ્કોપી**

**ડૉ. સતીષ પટેલ**
ડાયરેક્ટર - આર્થ્રોપ્લાસ્ટી અને આર્થ્રોસ્કોપી
જોઈન્ટ રીપ્લેસમેન્ટ અને આર્થ્રોસ્કોપી સર્જન
Mo. +91 98240 58332

**ડૉ. સમીપ શેઠ**
ઓર્થોપેડીક,
જોઈન્ટ રીપ્લેસમેન્ટ અને આર્થ્રોસ્કોપી સર્જન
Mo. +91 98334 94466

**ઓર્થોપેડીક અને ટ્રોમા**

**ડૉ. પ્રણવ એ. શાહ**
ડાયરેક્ટર સિમ્સ ટ્રોમા
સીનીયર ઓર્થોપેડીક,
ટ્રોમા અને હીપ સર્જન
Mo. +91 99798 95596

**ડૉ. કૃણાલ પટેલ**
ઓર્થોપેડીક અને ટ્રોમા સર્જન
Mo. +91 99798 95596

**ફુટ અને એંકલ**

**ડૉ. પાર્થ પારેખ**
ઓર્થોપેડીક
ફુટ અને એંકલ સર્જન
Mo. +91 97123 00124

**વધુ જાણકારી માટે સંપર્ક કરો**

**શ્રી દેવાંશુ વ્યાસ મો. 63589 83026 | શ્રી સંજય શાહ મો. 63589 83032**
**શ્રી કપિલ વ્યાસ મો. 63589 83029 | શ્રી પૂર્વિક મહેતા મો. 63589 83035**

**સિમ્સ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ**
ઓફ. સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060
Email : info@cims.org | www.cims.org

JCI (USA) NABH

**અપોઈન્ટમેન્ટ માટે ફોન**
**1800-309-9999**
TIME - 9:00 AM - 7:00 PM (MON TO SAT)

CIMS®
MARENGO ASIA NETWORK HOSPITAL

CIMS NEWS CARE & CURE

Volume-13 | Issue-141 | April 25, 2022

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month
Registered under Postal Registration No. GAMC-1813/2020-2022 valid upto 31st December, 2022
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month
Licence to Post Without Prepayment No. PMG/HQ/107/2020-2022 valid upto 31st December, 2022

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
**Call : 1800 309 9999**

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

# સિમ્સ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ, અમદાવાદ

## હીટ સ્ટ્રોક ત્યારે થાય છે જ્યારે શરીરનું તાપમાન ૪૦ સેલ્સિયસ અથવા તેથી વધુ સુધી વધે છે, તેનુ કારણ

- સૂર્યની અતિશય ગરમીનો સંપર્ક
- શરીરના પૂરતા પ્રમાણમાં પ્રવાહીનો અભાવ



### લક્ષણો

- અત્યંત ઊચું શરીરનું તાપમાન
- લાલ, ગરમ, શુષ્ક ત્વચા (પરસેવા વગર)
- ઝડપી હૃદયના ધબકારા
- ઉબ્કા અને માથાનો દુખાવો
- ચક્કર

**અપોઈન્ટમેન્ટ માટે**

**1800 3099 999**
સમય: 9:00 AM - 7:00 PM (સોમ થી શનિ)

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060. Ph. : +91-79-2771 2771-72
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**